સત્યમેવ જયતે

આંક :-

દાવા પ્રાપ્તિ તારીખ :	૨૯/૦૭/૨૦૨૪		
દાવા દાખલ તારીખ :	૨૯/૦૭/૨૦૨૪		
દાવા નિર્ણિત તારીખ :	૨૫/૦૬/૨૦૨૬		
અવધિ :	વર્ષ	માસ	દિવસ
	૦૧	૧૦	૨૭

જૂનાગઢના મહે. મુખ્ય સિનિયર સિવિલ જજ સાહેબની અદાલત સમક્ષ,
મુકામ - જૂનાગઢ.

કોમર્શિયલ સ્યુટ નંબર : ૩૮/૨૦૨૪.

સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા,
શ્રુ :- મેનેજરશ્રી,
આર.એ.એસ.એમ.ઇ.સી.સી.સી.,
કોલેજ રોડ, જૂનાગઢ. - વાદી.

વિરૂધ્ધ.

વિજયભાઇ કાનજીભાઇ દેડીયા,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો-નોકરી, ધર્મે-હિન્દુ,
રહેવાસી : જૂનાગઢ, ઠે. હનુમાન ચોક,
ડો. આંબેડકર નગર, બિલખા રોડ, જૂનાગઢ. - પ્રતિવાદી

બાબત : રૂા.૩,૨૦,૬૦૭-૧૬ પૈસા તથા ચડત વ્યાજ વસૂલ મળવા અંગે.

ધારાશાસ્ત્રી :	વાદી તરફે વિ.વકીલશ્રી વી. પી. પુરોહિત.
	પ્રતિવાદી સામે એકતરફી.

-:: ઠ રા વ ::-

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી બેંક તે કોર્પોરેટ બોડી છે અને રાષ્ટ્રીયકરણ થયેલ સંસ્થા છે. અગાઉ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના નામથી બેંકીગ તથા ધંધાકીય તથા અન્ય પ્રકારના ધીરાણ આપવાના કામકાજ કરતા હતા અને ત્યારબાદ સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાએ સ્ટેટ બેંક ઓફ સોરાષ્ટ્રના કામકાજનો કાર્યભાર હસ્તગત કરેલ છે. વાદી બેંકની અન્ય શાખાઓ પૈકીની એક શાખા આર.એ.એસ.એમ.ઇ.સી.સી.સી. બહાઉદ્દિન કોલેજની સામે જૂનાગઢ મુકામે આવેલી છે. વાદી બેંકના કાર્યક્ષેત્રમાં આવતી અને તેની આજુબાજુના વિસ્તારોમાં ખેતધીરાણ તથા ઉધોગ માટે તેમજ નાગરીકો અને તેના વ્યવસ્થા અને તેની મકાન વિગેરે સુવિધાઓ માટે તથા ધંધાકીય લોન આપવાની કામગીરી કરે છે અને લોન માટેની ફેસેલીટી પણ વાદી બેંક આપે છે. આ કામના પ્રતિવાદીને તેના ઘંઘા માટે વાદી બેંક પાસેથી એમ.સી. ટી.એલ.એસ.બી.એફ. માટે લોન રકમ રૂા.૨,૨૦,૦૦૦/- ની માંગણી કરતા, તેમની માંગણીને ધ્યાન રાખતા વાદી બેંકે પ્રતિવાદીને એકાઉન્ટ નં.૩૮૦૯૭૬૯૩૨૪૨ થી રૂા.૨,૨૦,૦૦૦/- તા.૩૦/૧૧/૨૦૧૮ ના રોજ આપેલ અને પ્રતિવાદીએ લોનની રકમ કરાર મુજબના ચડત વ્યાજ સહિત તેમજ રીઝર્વ બેંક વખતો વખત નકકી કરે તે મુજબનું વ્યાજ સહિત લોનની રકમ ભરપાઇ કરવાની હતી. પ્રતિવાદીએ તેમની મંજૂર થયેલ લોન માટે લોન એપ્લીકેશન, એગ્રીમેન્ટ ઓફ લોન કમ હાઇપોથીકેશન, લેટર ઓફ એરેન્જમેન્ટના દસ્તાવેજો વાદી બેંક જોગ કરી આપેલ. પ્રતિવાદીએ લોનની રકમ કરાર મુજબ સમસયર ચડત વ્યાજ સહિત ભરપાઇ કરવાની હતી પરંતુ પ્રતિવાદીએ બેંક સાથે થયેલ લોનના કરારની શરતો મુજબ લોનની રકમ સમયસર ભરપાઇ કરેલ નથી અને

પ્રતિવાદીએ લોનના કરારની શરતોનો ઉઘાડો ભંગ કરેલ છે. જેથી વાદી બેંક ઉપરોકત લોનની રકમ ચડત વ્યાજ સહિત એકીઆંકડે વસૂલ મેળવવા હકકદાર બનેલ છે. પ્રતિવાદીને લોનની રકમ ભરપાઇ કરી જવા જણાવેલ છે છતાં પ્રતિવાદીએ વાદી બેંકની લોનની રકમ ચડત વ્યાજ સહિત ભરપાઇ કરવા કોઇ દરકાર કરેલ નથી અને આજકાલ કરી સમય વિતાવેલ છે. જેથી વાદી બેંકે એડવોકેટ મારફત તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ પ્રતિવાદીને લીગલ નોટિસ આપેલી, જે નોટિસ પ્રતિવાદીને મળેલ છે તેમ છતાં નોટિસનો અમલ કરેલ નથી કે વાદી બેંકની લેણી રકમ ભરપાઇ કરવા પ્રતિવાદીએ આજદિન સુધી દરકાર કરેલ નથી કે પ્રતિવાદીએ નોટિસનો જવાબ પણ આપેલ નથી. જેથી વાદી બેંક બાકી લેણી નીકળતી રકમ વ્યાજ સહિત વસૂલ મેળવવા હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે. પ્રતિવાદી પાસે વાદી બેંકનું દાવા તારીખથી કરાર મુજબના ચડત વ્યાજ સહિત રૂા.૩,૨૦,૬૦૭-૧૬ પૈસાનું લેણું રોકાય છે. પ્રતિવાદીએ વાદી બેંકની જૂનાગઢ શાખામાંથી લોનની રકમ લીધેલ છે જેથી દાવો ચલાવવા, સાંભળવા અને તેનો ન્યાયિક નિકાલ કરવા નામદાર કોર્ટને હકૂમત છે. જેથી હાલનો દાવો લાવી પ્રતિવાદી પાસેથી વાદી બેંકની લોનની બાકી લેણી નીકળતી રકમ રૂા.૩,૨૦,૬૦૭-૧૬ પૈસા તેમજ દાવા તારીખથી રકમ વસૂલ થતા સુધી રીઝર્વ બેંકના પ્રવર્તમાન દર મુજબનું માસિક ૧૮% લેખે ચક્રવૃધ્ધિ વ્યાજ સાથે પ્રતિવાદીની સ્થાવર/જંગમ તેમજ જાત મિલકત પરથી વાદી બેંકને એકીઆંકડે વસૂલ અપાવવા તેમજ દાવાને લગતી બીજી મળી શકતી તમામ દાદ પ્રતિવાદી પાસેથી અપાવવા તેમજ તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસૂલ અપાવવા વાદી બેંકના લાભમાં હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે.

(૨) દાવાના અનુસંધાને પ્રતિવાદીને સમન્સ કરવામાં આવેલ, જે આંક-૫ અને આંક-૬ ની વિગતે વગરઅમલે પરત આવતા, વાદી તરફે આંક-૭ થી રજી.એ.ડી.થી સમન્સ બજાવવા અરજી આપતા, અરજી મંજૂર કરવામાં આવેલ અને પ્રતિવાદીને રજી.એ.ડી.થી સમન્સ કરવામાં આવેલ જે આંક-૧૨ ની વિગતે વગરબજે પરત થયેલ છે. ત્યારબાદ પ્રતિવાદી જાતે હાજર થયેલ છે અને આંક-૧૫ થી સ્વૈચ્છાએ

કોર્ટ સમક્ષ હાજર રહી સમન્સ સ્વીકારેલ અને બચાવ માટે એડવોકેટ રોકવા માટે મુદતની માંગણી કરેલ, જે મંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ પ્રતિવાદી જાતે કે વકીલ મારફત હાજર થયેલ નથી કે કોઇ જવાબ રજુ રાખેલ નથી જેથી પ્રતિવાદીનો જવાબનો હકક બંધ કરવાનો તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ આંક-૧ લગત હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે દાવાના નિર્ણય માટે આંક-૧૬ થી નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલા છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, હાલનો દાવો વાદી બેંકના અધિકૃત વ્યકિત ધ્વારા દાખલ કરવામાં આવેલ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી એમ.સી.-ટી.એલ.એસ.બી.એફ. માટે રૂા.૨,૨૦,૦૦૦/- ની લોન લીધેલ છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી લોનની રકમ ભરપાઇ કરવામાં નિષ્ફળ ગયેલ છે ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી લોનની બાકી લેણી નીકળતી રકમ રૂા.૩,૨૦,૬૦૭-૧૬ પૈસા વસૂલ મેળવવા હકકદાર છે ?

(૫) શું વાદી બેંક બાકી લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે? જો હા, તો કેટલા દરે ?

(૬) વાદી બેંકનું કેટલું લ્હેણું બાકી નીકળે છે ?

(૭) શું હુકમ અને હુકમનામું ?

(૪) ઉપરોકત મુદાઓ પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં.(૧) : હકારમાં.

મુદા નં.(૨) : હકારમાં.

મુદા નં.(૩) : હકારમાં.

મુદા નં.(૪) : હકારમાં.

મુદ્દા નં.(૫) : હા, વાર્ષિક ૧૧.૨૫% ના વ્યાજ દરે.

મુદ્દા નં.(૬) : રૂા.૩,૨૦,૬૦૭-૧૬ પૈસા.

મુદ્દા નં.(૭) : આખરી હુકમ મુજબ.

(૫) આંક-૧૬ થી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દા પુરવાર કરવા માટે વાદી ધ્વારા નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

<u>મૌખિક પુરાવો :</u>

ક્રમ	સાહેદ	આંક
૧.	વાદી બેંક તરફે બ્રાંચ મેનેજર રાહુલ બારૈયાનું સરતપાસનું સોગંદનામું.	૧૯

<u>દસ્તાવેજી પુરાવો :</u>

ક્રમ	દસ્તાવેજની વિગત	આંક
૧.	પ્રતિવાદીની લોન મળવાની અરજી.	૨૩
૨.	એગ્રીમેન્ટ ઓફ લોન કમ હાઇપોથીકેશન.	૨૪
૩.	લેટર ઓફ એરેન્જમેન્ટ.	૨૫
૪.	વાદીએ વકીલ મારફત તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ પ્રતિવાદીને આપેલ નોટિસની સ્થળપ્રત.	૨૬
૫.	પ્રતિવાદીના લોન ખાતાના સ્ટેટમેન્ટની ખરીનકલ.	૨૭

વાદી તરફથી આ સિવાય અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વાદી તરફે વિ.વકીલશ્રીએ તેઓ આ કામે વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું આંક-૨૮ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

(૬) જયારે આ કામે પ્રતિવાદી તરફે કોઇ પુરાવો રજુ થયેલ નથી.

(૭) આ કામે વાદીના વિ.વકીલશ્રી વી. પી. પુરોહિતની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

-:: નિર્ણય માટેના કારણો ::-

(૮) આ કામે વાદી ધ્વારા કરવામાં આવેલ પક્ષ નિવેદન, રજૂ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરતા અગાઉ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૦૪, ૧૦૫ અને ૧૦૬ નો ઉલ્લેખ અત્રે કરવાનું જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

104. Burden of proof.—Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts must prove that those facts exist, and when a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

105. On whom burden of proof lies.—The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side.

106. Burden of proof as to particular fact.—The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.

ઉપરોકત જોગવાઇ મુજબ જયારે કોઇ પક્ષકાર એમ ઇચ્છતી હોય કે

તેણે કહેલી અથવા રજૂ કરેલી કોઇ હકીકત અસ્તિત્વમાં છે, તેની સાબિતી માટે કાયદાની અદાલત કોઇ ફેંસલો કોઇ પક્ષકારની તરફેણમાં આપે ત્યારે તે હકીકત અસ્તિત્વ ધરાવે છે તેવો પુરાવો તે પક્ષકારે આપવો પડે. ઉપરોકત જોગવાઇથી જયારે અમુક હકીકત અમુક પક્ષકારની જાણમાં હોય ત્યારે તે હકીકતનું અસ્તિત્વ સાબિત કરવાનો બોજો તે પક્ષકારે પુરવાર કરવો પડે. વધુમાં સદર બાબતે નીચે મુજબની હકીકતની પણ નોંધ લેવી જરૂરી છે.

[a] The general principles of law that can be gainfully culled out from the judicial pronouncements noted above is that the burden of proof cast under Sections 101 and 102 of the Indian Evidence Act, 1872 is the persuasive burden or the onus probandi. The persuasive burden to prove and establish the case always lies upon the plaintiff and the said burden never shifts upon the defendant. What may, however, shift is the onus to lead evidence in the sense that once the plaintiff side succeeds in prima facie establishing his pleaded case by leading evidence, the onus will then shift upon the defendant side to lead evidence so as to disprove the case. The parties may also have to discharge the burden of establishing the admissibility of the evidence by leading evidence in respect thereof. The initial burden to establish the basic allegations made in the plaint constituting the foundational facts, regardless of whether such assertion is couched in the affirmative or in the negative, would undoubtedly lie upon the plaintiff and the failure to discharge the said burden must lead to the dismissal of the suit."

[b] The burden of proof on the pleadings should not be confused with the burden of adducing evidence.

[c] Pleading is not evidence, far less proof..

[d] The rule that the burden of proving the fact rests on the party who substantially asserts the affirmative issues and not the party who denies it, is not one of the universal applications and there may be exception thereto.

<u>મુદા નં.(૧) થી (૬) :-</u>

(૯) આ કામે મુદા નં.૧ થી ૬ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે વાદી બેંકના બ્રાંચ મેનેજર રાહુલ બારૈયા નાઓએ દાવાની હકીકત પુરવાર કરવા આંક-૧૯ થી દિવાની કાર્યરીતિ અધિનિયમ હુકમ-૧૮, નિયમ-૪ મુજબ સરતપાસનું સોગંદનામું રજુ કરી દાવા અરજીની હકીકતોને અનુરૂપ હકીકતો જણાવેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરી ચર્ચા કરવાનું ઉચિત જણાતું નથી. સદરહુ વાદીની પ્રતિવાદી તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય વાદી તરફેની હકીકત બિનપડકારેલી રહેલી છે.

(૧૧) આ કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો આંક-૨૩ ની વિગતે પ્રતિવાદીએ વાદી બેંકને રીક્ષા ખરીદ કરવા ટર્મ લોન મેળવવા તા.૧૨/૧૧/૨૦૧૮ ના રોજ અરજી કરેલ હોવાનું જણાય આવે છે અને આંક-૨૪ અને આંક-૨૫ ની વિગતે પ્રતિવાદીએ વાદી બેંક જોગ એગ્રીમેન્ટ ઓફ લોન કમ હાઇપોથીકેશન અને લેટર ઓફ એરેન્જમેન્ટ લેટર લખી આપેલ હોવાનું જણાય આવે છે. આંક-૨૭ ના પ્રતિવાદીના લોન એકાઉન્ટના સ્ટેટમેન્ટ અને કલોઝર રીપોર્ટ મુજબ તા.૨૭/૦૨/૨૦૨૩ ની સ્થિતિએ રૂા.૩,૨૦,૬૦૭-૧૬ પૈસા બાકી લેણા નીકળતા હોવાનું જણાય આવે છે. આંક-૨૬ ની વિગતે વાદી બેંક તરફથી વકીલ મારફત તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ લીગલ નોટિસ આપવામાં, જે રજી.એ.ડી. પોસ્ટથી મોકલેલ હોવાનું જણાય આવે છે.

(૧૨) આમ, ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો વાદીની દાવા અરજી આંક-૧ ધ્યાને લેવામાં આવે તો આ કામે

વાદી બેંક વતી અધિકૃત બ્રાંચ મેનેજર ધ્વારા હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી રીક્ષા ખરીદ કરવા ટર્મ લોન મેળવવા અરજી આપેલ, જે લોન રૂા.૨,૨૦,૦૦૦/- ની મર્યાદામાં મંજુર થતા પ્રતિવાદીએ વાદી બેંકની તરફેણમાં જરૂરી દસ્તાવેજો લોન એગ્રીમેન્ટ વિગેરે કરી આપેલ. પ્રતિવાદીએ લીધેલ લોનની રકમ ભરપાઇ ન કરતા વાદી તરફથી વકીલ મારફત કાનૂની નોટિસ આપવામાં આવેલ તેમ છતાં રકમ ભરપાઇ ન કરતા આંક-૨૭ ના સ્ટેટમેન્ટ અને કલોઝર રીપોર્ટ મુજબ તા.૨૭/૦૨/૨૦૨૩ ની સ્થિતિએ રૂા.૩,૨૦,૬૦૭-૧૬ પૈસા બાકી નીકળતા હોવાનું ફલિત થાય છે. વધુમાં આંક-૨૫ ના લેટર ઓફ એરેન્જમેન્ટ મુજબ ૧૧.૨૫% લેખે વ્યાજની રકમ વસૂલ મેળવવા હકકદાર હોવાનું ફલિત થાય છે. જેથી મુદા નં.૧ થી ૫ નો જવાબ તે મુજબ હકારમાં ઠરાવવામાં આવે છે. વધુમાં સદર કામે દિવાની કાર્યરીતિ અધિનિયમની કલમ-૩૪ ધ્યાને લેતા મુદલ રકમ ઉપર દાવાની તારીખથી હુકમનામાની તારીખ સુધી અથવા તો ચૂકવણીની તારીખ સુધીનું વ્યાજ આપવાનો કોર્ટ હુકમનામામાં હુકમ કરી શકે છે, જે જોગવાઇ ધ્યાને લેતા વાદીની જે રકમ પ્રતિવાદી પાસે રોકાઇ રહેલ છે તે રકમ પ્રતિવાદીની કસૂરના કારણે રોકાઇ રહેલ છે જેથી વાદી બેંકની દાવાની બાકી લેણી નીકળતી રકમ ઉપર વાર્ષિક ૧૧.૨૫% લેખે વ્યાજ અપાવવાનું ન્યાયી અને વ્યાજબી જણાય છે અને વાદીનું રૂા.૩,૨૦,૬૦૭-૧૬ પૈસા નું બાકી લેણું નીકળતું હોય મુદા નં.૬ નો જવાબ તે મુજબ ઠરાવવામાં આવે છે. આ કામે એ હકીકત નોંધનીય છે કે, વાદી તરફે આંક-૧૮ થી મુદત અરજી રજૂ રાખેલ, જે અરજી રૂા.૫૦૦/- ડી.એલ.એસ.એ.માં કોસ્ટ ભર્યેથી મંજૂર કરવાનો તા.૨૨/૦૪/૨૦૨૬ ના રોજ હુકમ કરવામાં આવેલ, પરંતુ રેકર્ડ ધ્યાને લેતા વાદી તરફથી કોસ્ટની રકમ ભરેલ હોવાનું જણાતું નથી જેથી કોસ્ટની રકમ વસૂલ લેવા

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જૂનાગઢને આ અંગે યાદી કરવાનું ન્યાયોચિત જણાય છે. જેથી મુદા નં.૭ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: આખરી હુકમ ::-

(૧) વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીને આથી એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ વાદી બેંકની લેણી નીકળતી રકમ રૂ.૩,૨૦,૬૦૭-૧૬ (અંકે રૂપિયા ત્રણ લાખ વીસ હજાર છસ્સો સાત અને સોળ પૈસા પુરા) દાવા દાખલ તારીખથી રકમ વસૂલ થતા સુધી વાર્ષિક ૧૧.૨૫ % ના વ્યાજ સાથે વાદી બેંકને વસૂલ આપવી.

(૩) દાવા અંગે વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચૂકવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

(૫) આ કામના વાદીને આંક-૧૮ ની વિગતે રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) ની કોસ્ટ કરવામાં આવેલ, જે કોસ્ટની રકમ ભરપાઇ કરેલ ન હોય જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જૂનાગઢ ને કોસ્ટની રકમ વસૂલ મેળવવા અંગે હુકમની નકલ યાદી સાથે મોકલી આપવી.

આ હુકમ આજ તારીખ ૨૫મી, માહે જૂન, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૨૫/૦૬/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
મુખ્ય સિનિયર સિવિલ જજ,
જૂનાગઢ. (GJ-00862)